## અમદાવાદ જિલ્લામાં નવી માધ્યમિક શાળાઓ

*15/4/1024: **શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ** (સાબરમતી): માનનીય **શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ –

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સરકારી તેમજ ખાનગી નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની દરખાસ્તો મળેલ છે કે કેમ, | (૧) હા.જી |
| (૨) જો હા, તો તાલુકાવાર કેટલી દરખાસ્તો મળેલ છે, અને | (૨) તાલુકાવાર નીચે મુજબની દરખાસ્તો મળેલ છે: |

| તાલુકો | સરકારી માધ્યમિક શાળાઓ માટે મળેલ દરખાસ્તો | ખાનગી માધ્યમિક શાળાઓ માટે મળેલ દરખાસ્તો |
| --- | --- | --- |
| દસક્રોઇ | ૦૬ | ૦૭ |
| ધંધુકા | ૦૨ | ૦૦ |
| બાવળા | ૦૨ | ૦૩ |
| વિરમગામ | ૦૧ | ૦૦ |
| સાણંદ | ૦૩ | ૦૧ |
| અમદાવાદ શહેર | ૦૧ | ૦૨ |
| ધોળકા | ૦૦ | ૦૨ |
| માંડલ | ૦૦ | ૦૧ |

(૩) ઉક્ત સ્થિતિએ આ દરખાસ્તો અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

(૩)
- કુલ ૧૬૨ સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે જરૂરી મહેકમના પગારભથ્થા તથા કચેરી ખર્ચ માટે સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં જરૂરી બજેટ જોગવાઇ સૂચવેલ છે. જે મંજૂર થયેથી ઉપર મુજબની દરખાસ્તો પૈકી પ્રવર્તમાન નિયમાનુસાર પાત્રતા ધરાવતી શાળાઓ શરૂ કરવા અંગે વિચારણા કરવામાં આવશે.
- ખાનગી માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે મળેલ કુલ ૧૬ દરખાસ્તો પૈકી ૧૦ મંજૂર કરવામાં આવેલ છે તથા ૦૬ નામંજૂર કરવામાં આવેલ છે.

---